# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબજી અને સંતોને સંગ

ગુરુદેવ યોગીજી મહારાજના કૃપાશિષથી સંતભગવંત સાહેબજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ડંકા દિગંતમાં ગુંજાવ્યા. દેશ-વિદેશમાં અવિરત વિચરણ કરી સત્સંગની જ્યોત જલાવી. સૌ ભગવાનનાં સુખે સુખી થાય તે માટેનો સહજ અને સુલભ માર્ગ પ્રશસ્ત કર્યો. દર્શન, સમાગમ અને આશીર્વાદના લાભ આપી સૌને અધ્યાત્મમાર્ગે આગળ વધવા બળ પ્રદાન કર્યાં. પ્રતિ વર્ષ પરદેશની ધર્મયાત્રાઓ દ્વારા ઊછરતી પેઢીમાં સંસ્કારસિંચન કર્યાં અને સંસ્કૃતિનાં સંવર્ધન થાય તે માટે પણ પ્રવૃત્ત રહ્યા. સમાજસેવા અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં સૌને જોડી સદાચારના માર્ગે ચાલતાં કર્યાં અને અનેકોનાં ઉત્થાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ સૌને નિરપેક્ષ પ્રેમ આપ્યો છે, જેના પરિણામે સૌ ભક્તોને તેમનાં દર્શન કરવા અને તેઓના સાંનિધ્યમાં રહેવાની હંમેશાં અનેરી તાલાવેલી રહેતી હોય છે. દૂરદૂરથી પોકાર કરતા આત્માઓને સંબંધ અને સત્સંગલાભ આપવા સંતભગવંત સાહેબજી દર વર્ષે પરદેશની ધર્મયાત્રાએ પધારે છે. આ વર્ષે ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ તેઓ સેવક સંતો સાથે ઈંગ્લૅન્ડ પધાર્યા. ત્યાં વિવિધ ઉત્સવોમાં પોતાની દિવ્ય નિશ્રાનો લાભ આપી તેઓ અમેરિકા પધારશે. તેઓના પુનિત સાંનિધ્યે પિયોરિયા ખાતે ઑગસ્ટ માસમાં યોજાનાર શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારનાર હજારો ભક્તોને દર્શન અને આશીર્વાદનું સુખ પ્રદાન કરશે. સાહેબજી અને સંતોને સંગ, પરદેશમાં પ્રભુનો પ્રસંગ થશે, જેની અનુભૂતિ અલૌકિક બની રહેશે.

૨૨ જુલાઈ ૨૦૨૪ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સૌની ભાવભરી વિદાય ઝીલી રાત્રે અમદાવાદ ઍરપૉર્ટ પરથી ફ્લાઇટમાં સંતભગવંત સાહેબજી અને સેવક સંતો સાધુ પૂ. અર્પિતદાસજી અને પૂ. બિમલદાસજી ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ અનુપમ મિશન, ડેન્હમ-ઈંગ્લૅન્ડની પુણ્યભૂમિ પર પધાર્યા. સાધુ પૂ. હિંમત સ્વામીજી, સાધુ પૂ. દિલીપદાસજી ને સંતો સાથે સતીશભાઈ ચતવાણી, વિજયભાઈ ઠક્કર, વિનુભાઈ નકારજા, હરીશ મુનિ આદિ સંતો-હરિભક્તોએ લંડનના હિથ્રો ઍરપૉર્ટ પર પુષ્પગુચ્છ અર્પણ કરી ભક્તિભાવ અને ઉમળકાથી ગુરુહરિ સંતભગવંત સાહેબજી અને સંતોનાં સ્વાગત કર્યાં. સાહેબદાદા અને સંતો અનુપમ મિશનની ડેન્હમ સ્થિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પધાર્યા. સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ ! બાલ-બાલિકાઓએ હાથમાં પતાકાઓ, માથે કળશ ધારણ કર્યાં, સૌ યુવાનો-યુવતીઓએ ઢોલ-નગારાં વગાડી તેમજ વડીલ ભાઈઓ-બહેનોએ હસ્તમાં અનુપમ મિશનના ધ્વજ ધારી રાખીને સંતભગવંત સાહેબજીને મંદિરના મુખ્ય દ્વાર સુધી દોર્યા. દીકરીઓ-બહેનોએ સુંદર સ્વાગતનૃત્ય દ્વારા સંતભગવંત સાહેબજીને મંદિરમાં આવકાર્યા. સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતા રેલાવી આશીર્વાદ પ્રદાન કર્યા કે, 'આવી જ રીતે આપણે સૌએ ભેગાં મળીને માયા સામે જંગ ઉપાડવો છે. અમહિમા, માથાકૂટ, ભાવફેરને આપણાં ઘરમાં-સત્સંગમાં પેસવા ના દેવાં. યોગીબાપાને ગમે છે તેમ સૌ ભેગાં મળી, સંપ-સુહૃદભાવ અને એકતાથી કામ કરીએ કે જેથી ભગવાન રાજી થાય.'

૨૪થી ૨૭ જુલાઈ દરમિયાન સંતભગવંત સાહેબજીએ ડેન્હમની તપોભૂમિ પર જ બિરાજીને દર્શને પધારનાર સંતો, મહાનુભાવો, ભક્તોને સાંનિધ્ય અને સમાગમનું સુખ આપ્યું. રવિવાર, ૨૮ જુલાઈના



ઈંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભક્તિઉમંગે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત



સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન





ગુરુપૂર્ણિમાના માંગલ્યપ્રદ અવસરે સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં પૂજન અને પુષ્પહારરૂપી હૃદયભાવ અર્પણ

રોજ સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યમાં ખૂબ જ મોટી સંખ્યામાં ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો.

ગુરુપૂર્ણિમાના પર્વે ગુરુવંદન, ગુરુપૂજનનો મહિમા ખૂબ મોટો છે. ગુરુનાં વચન આપણાં જીવનનાં આચરણ હોય તે યથાર્થ ગુરુવંદન ! અને સંપ, સુહૃદભાવ, એકતાનાં અનુસરણ કરી, સૌની નિર્દોષભાવે યુક્ત સેવા કરી, સૌનો મહિમા સમજી, ગુણગાન ગાઈને ગુરુના કાર્યને વહેતું રાખીએ તેનાં સુફળરૂપે ગુરુના અંતરનો રાજીપો પ્રાપ્ત થાય તે યથાર્થ ગુરુપૂજન ! ગુરુપૂર્ણિમાના કેવળ એક દિવસે જ નહીં, પરંતુ, આપણાં જીવનની પ્રત્યેક પળ આવાં યથાર્થ ગુરુવંદન અને ગુરુપૂજનમાં વહે તેવી સૌએ હૃદયથી પ્રાર્થના કરી.

અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ અને દ્યુતિબહેન બુચ દ્વારા ગુરુમહિમાનાં અદ્‌ભુત ભજનો ને સ્તુતિનાં ગાન કરાયાં. ભાવિશાબહેને સી. બી. પટેલ, શૌનક ઋષિદાસજી, શ્રી વર્તન, કાઉન્સિલર શ્રી રાવજીભાઈ ચૌહાણ, સતીશભાઈ ચતવાણી, વિનુભાઈ નકારજા અને ઉપસ્થિત સૌ ભક્તજનોનું શબ્દોથી સ્વાગત કર્યું તેમજ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુહરિના મહિમાનાં ગાન કરી સૌને ગુરુમૂર્તિમાં ગરકાવ કર્યાં. સતીશભાઈ ચતવાણીએ પણ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યું. સંતભગવંત સાહેબજીએ સૌને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'સત્પુરુષમાં ભગવાન પ્રગટ છે તે ભાવથી તેઓની આજ્ઞાનું પાલન કરીશું તે સાચું ગુરુપૂજન ગણાશે અને આપણે સૌ દોષરહિત, સ્વભાવરહિત થતાં જઈશું. કોઈની માથાકૂટમાં પડવું જ નહીં અને નિર્દોષબુદ્ધિ રાખવી. બીજાનો કેવળ ગુણ જોવો, મહિમા ગાવો અને ગુરુવચને સેવા-ભક્તિ કરતાં જ રહેવાની.' ભક્તિની આવી અનુપમ સૂઝ-સમજ સૌને આપી અક્ષરધામના આનંદની અનુભૂતિ કરાવી.

અંતે સૌ ભક્તોએ શ્રીજી મહારાજની પ્રાસાદિક ચરણપાદુકાનાં પૂજનનો અને ગુરુપૂજનનો લાભ લીધો. ઉપસ્થિત સૌ ભક્તોએ આ દિવ્ય પળોની ધન્યતા અનુભવી. ◆



ગુરુપૂર્ણિમાના પાવનપર્વે ઈંગ્લૅન્ડની બાળપેઢી દ્વારા ગુરુભક્તિ અર્પણ



ઈંગ્લૅન્ડ મંદિરે ગુરુપૂર્ણિમાની ઉત્સવસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન